વર્ગ-૪ ના પેન્શનની કામગીરી નિયામકશ્રી,
પેન્શન અને પ્રોવિડન્ટ ફંડને સોંપવા બાબત.

ગુજરાત સરકાર,
**નાણા વિભાગ,**
ઠરાવ ક્રમાંક : પરચ-૧૦૨૦૧૦-૧૬૧૭-પી.
સચિવાલય, ગાંધીનગર.
**તારીખઃ ૧૦-૦૨-૨૦૧૧**

**વંચાણમાં લીધા :** ના.વિ.ના તારીખ : ૧૬-૩-૨૦૦૧ના
ઠરાવ ક્રમાંક : પરચ-૨૦૦૦-ડી-૯૦૩-પી.

**પ્રસ્તાવના :**

ગુજરાત સરકારના તમામ સરકારી અધિકારી / કર્મચારીઓના પેન્શન કેસો મંજુર કરવાની કામગીરી જે અગાઉ એકાઉન્ટન્ટ જનરલશ્રી /નિયામકશ્રી, પેન્શન અને પ્રોવિડન્ટ ફંડ દ્વારા કરવામાં આવતી હતી તે નિયામકશ્રી, પેન્શન અને પ્રોવિડન્ટ ફંડ દ્વારા હાથ ધરવામાં આવેલ હતી. વંચાણમાં લીધેલ તારીખ : ૧૬-૩-૨૦૦૧ના ઠરાવથી રાજય સરકારે આ કામગીરીનું વિકેન્દ્રિકરણ કરીને કાર્યપદ્ધતિ સરળ બનાવવાના ભાગ રૂપે પ્રાયોગિક ધોરણે સૌ પ્રથમ રાજય સરકારના વર્ગ-૪ ના કર્મચારીઓના પેન્શન કેસો મંજુર કરવાની કામગીરી જિલ્લા કક્ષાએ જિલ્લા સહાયક નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબની કચેરી દ્વારા કરવાનું ઠરાવવામાં આવેલ હતુ.

નિયામકશ્રી, પેન્શન અને પ્રોવિડન્ટ ફંડની કચેરીની કામગીરી તથા મહેકમના રીવ્યુ અર્થે અગ્ર સચિવશ્રી (આ.બા.)ના અધ્યક્ષ સ્થાને તારીખ : ૧૬-૧૦-૨૦૧૦ના રોજ મળેલ બેઠકમાં વર્ગ-૪ના પેન્શનની કામગીરી હાલ જે લોકલ ફંડ, નિરીક્ષકશ્રીની કચેરી દ્વારા કરવામાં આવે છે તે પેન્શનની કામગીરીમાં એકસૂત્રતા જળવાય તે અર્થે પુનઃ નિયામકશ્રી પેન્શન અને પ્રોવિડન્ટ ફંડની કચેરી દ્વારા હાથ ધરવામાં આવે તેમ નક્કી કરવામાં આવેલ. જે બાબતે સત્વરે વિચારણા કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠ રા વ**

રાજય સરકારે પેન્શન અંગેની કામગીરીમાં એકસુત્રતા જળવાય તે અર્થે વર્ગ-૪ના પેન્શનની કામગીરી નિયામકશ્રી, પેન્શન અને પ્રોડિન્ટ ફંડ, ગાંધીનગરને સોંપવાનું આથી ઠરાવવામાં આવે છે. આ સંદર્ભે નીચે મુજબની કાર્યપદ્ધતિ અપનાવવાની રહેશે.

(૧) રાજય સરકારની તમામ કચેરીઓ દ્વારા તારીખઃ ૧-૧૨-૨૦૧૦ પછી નિવૃત્ત થનાર વર્ગ-૪ના કર્મચારીઓના પેન્શન મંજુરીના કેસો લોકલફંડ નિરિક્ષકશ્રીને બદલે નિયામકશ્રી, પેન્શન અને પ્રોવિડન્ટ ફંડને મોકલવાના રહેશે.

(૨) તારીખ : ૩૦-૧૧-૨૦૧૦ સુધીમાં નિવૃત્ત થયેલ વર્ગ-૪ના કર્મચારીઓના પેન્શન કેસો લોકલફંડ, નિરિક્ષકશ્રીની કચેરીએ મંજુર કરવાના રહેશે.

(૩) આ ઠરાવ તારીખ અગાઉ વર્ગ-૪ના જે કર્મચારીઓ તારીખ : ૧-૧૨-૨૦૧૦ બાદ નિવૃત્ત થતા હોય અને તેઓના પેન્શન કેસો અગાઉથી લોકલ ફંડ નિરીક્ષકશ્રીની કચેરીમાં મોકલવામાં આવ્યા હોય તેવા તમામ કેસો લોકલ ફંડ, નિરિક્ષકશ્રીની કચેરી દ્વારા નિયામકશ્રી, પેન્શન અને પ્રોવિડન્ટ ફંડની કચેરીને મોકલી આપવાના રહેશે.

(પાછળ...)

(૪) તારીખ : ૧-૧૨-૨૦૧૦ અગાઉ મંજુર થયેલ વર્ગ-૪ના નિવૃત્તિના પેન્શન કેસો અને તે અન્વયે કરવાની થતી તમામ આનુસાંગિક કાર્યવાહી લોકલ ફંડ, નિરિક્ષકશ્રીની કચેરી દ્વારા અને તારીખ : ૧-૧૨-૨૦૧૦ પછી નિવૃત્તિ પામેલ વર્ગ-૪ ના કિસ્સાઓમાં નિવૃત્તિ અને તે અંગેની આનુસાંગિક કાર્યવાહી નિયામકશ્રી, પેન્શન અને પ્રોવિડન્ટ ફંડ દ્વારા હાથ ધરવાની રહેશે.

(૫) તારીખ : ૧-૧૨-૨૦૧૦ બાદ નિવૃત્ત થનાર વર્ગ-૪ કર્મચારીઓ કે જેઓના કિસ્સાઓમાં લોકલ ફંડ, નિરિક્ષકશ્રીની કચેરી દ્વારા તેઓના પેન્શન કેસ મંજુર થઇ ગયેલ હોય તેવા પેન્શનકેસો યથાવત્ રાખવાના રહેશે અને તેવા કિસ્સાઓમાં પણ આનુસાંગિક કાર્યવાહી લોકલ ફંડ, નિરિક્ષકશ્રીની કચેરી દ્વારા હાથ ધરવાની રહેશે.

૨. સરકારશ્રી દ્વારા લેવાયેલ ઉપરોક્ત નિર્ણયની જાણ સચિવાલયના તમામ વિભાગોએ તેમના નિયંત્રણ હેઠળના ખાતાના વડાઓ / કચેરીના વડાઓને સત્વરે કરવા અને તેનો કાળજી પૂર્વક અમલ થાય તે જોવા તથા જરૂરી માર્ગદર્શન પુરૂ પાડવા વિનંતી કરવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

**(શૈલજા પટેલ )**
**નાયબ સચિવ (પેન્શન)**
**નાણા વિભાગ.**

પ્રતિ,

- માન. રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર
માન. મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
માન. મંત્રીશ્રીઓ / રા.ક. મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ,
માન. વિરોધપક્ષના નેતાના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
સચિવાલયના સર્વે વિભાગો / તમામ ખાતાના વડાઓ/ તમામ કચેરીઓના વડાઓ,
- સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર,
- સચિવશ્રી, ગુજરાત વિધાન સભા સચિવાલય, ગાંધીનગર.
- રજીસ્ટારશ્રી, ગુજરાત હાઇકોર્ટ, અમદાવાદ,
- સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ,અમદાવાદ
- સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત મૂલ્કી સેવા-ટ્રીબ્યુનલ, ગાંધીનગર.
તમામ કલેક્ટરશ્રીઓ, તમામ જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ,
એકાઉન્ટન્ટ જનરલશ્રી (એ એન્ડ ઇ) ગુજરાત રાજ્ય, અમદાવાદ/ રાજકોટ,
એકાઉન્ટન્ટ જનરલશ્રી (ઓડિટ-૧, ૨), અમદાવાદ / રાજકોટ
નિયામકશ્રી, હિસાબ અને તિજોરી, ગાંધીનગર.
નિયામકશ્રી, પેન્શન અને પ્રોવિડન્ટ ફંડ, ગાંધીનગર.
નિરિક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબની કચેરી, ગાંધીનગર.
સર્વે જિલ્લા સહાયક નિરિક્ષકશ્રીઓ,
નાણા વિભાગના તમામ અધિકારીશ્રીઓ.
તમામ તિજોરી અધિકારીઓ, / તમામ પેટા તિજોરી અધિકારીઓ,
પગાર અને હિસાબી અધિકારી, અમદાવાદ / ગાંધીનગર / નર્મદા / વડોદરા
સ્થાનિક ઓડિટ અધિકારી, અમદાવાદ / ગાંધીનગર.
તમામ બોર્ડ / કોર્પોરેશન / નિગમો.
નાણા વિભાગની તમામ શાખાઓ (નાણા શાખાઓ સહીત)
સીસ્ટમ મેનેજરશ્રી, નાણા વિભાગની વેબ સાઇટ ઉપર મૂકવા સારૂ.
<u>પસંદગી ફાઇલ, - પી. શાખા</u>
- પત્ર દ્વારા.